
રંગોની પેટી

[illegible]
ગિજુભાઈ

પ્રકાશક
[illegible]
ભાવનગર

એક આના બાળસાહિત્યમાળા પુષ્પ

રંગની પેટી



લેખક

ગિજુભાઈ

* * *





પ્રકાશક

ચરોતર એજ્યુકેશન સોસાયટી

આણંદ

પહેલી આવૃત્તિ
પ્રત ૧૧૦૦
સંવત ૧૯૮૪


* * *

કીંમત ૦–૧–૦

*

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં મોતીભાઇ મથુરભાઇ
પટેલે પ્રકાશકને માટે છાપ્યું. તા. ૫ : ૬ : '૨૮

રંગની પેટી



મીઠીને ઉગતો સૂરજ અને ઉઘડતું કમળ બહુ ગમે. આથમતા સૂરજ સામે અને બીડાતાં સૂર્યમુખી સામે મીઠી જોયા જ કરે. આકાશના, ફૂલોના અને પતંગીઆંના રંગો જોતાં જોતાં મીઠી ખાવાનું ય ભૂલે ને પીવાનું ય ભૂલે. મે' આવ્યા પછી ઉંચે આકાશમાં મચ્છ તણાય ત્યારે તો મીઠીનાં મોં અને આંખો ફાટયાં જ રહે. મીઠીની મા ગમે તેટલા સાદ પાડે પણ વરસાદના પાણીના ખાબોચીઆમાં ચુંદડી કાઢતાં મીઠી કેમે કરીને ઉઠે જ નહિ. ફૂલો ઉપર તો મીઠી અવાઇ પડે. બીજાં બાળકો ફૂલોને સુંઘે ત્યારે મીઠી

ફૂલોને આંખોએ અડાડે, ને આંખથી એનો રંગ ચૂસી લે.



એને એમ જ થતું કે આ પતંગીઆં ને આ ભમરીઓ ફૂલો ચૂસી ચૂસીને રંગબેરંગી બન્યાં છે. આ રંગબેરંગી પાંખવાળાં પંખીઓએ પોતાની પાંખો ફૂલોની બનાવેલી છે.

એક દિવસ મીઠીને થયું કે આ આકાશના રંગો કયાંથી આવતા હશે? આ ફૂલોને જાતજાતના રંગો કોણ ઓઢાડતું હશે? આ મેઘધનુષને સુરંગી ને સાતરંગી કોણ કરતું હશે? આ પાણીની ચુંદડીમાં રંગોને કોણ મોકલતું હશે?

મીઠીની બા રોટલા ઘડતી હતી. મીઠી કહે, "બા, બા, આ બધા રંગો કયાંથી આવતા હશે? આપણી ગાયને ને આપણા બળદોને આવા કોણ રંગી જતું હશે? આ બધાં

ઝાડોનાં ફૂલને કોણ રંગમાં બોળતું હશે? એના રંગનાર પાસે કેટલા બધા રંગો હશે? આકાશના રંગો તો અપરંપાર છે!”

બા કહે, “ મારી મીઠડી, એની મને ખબર નથી. તારા બાપુ ડાહ્યા છે તે એને પૂછ. એને ખેતર ખેડતાં આવડે છે તે કહેશે. આપણા ખેતરનો કુવો એ ખૂબ ઉંડો ખોદે છે, ઘોડા ઉપર બેસી પરગામ પણ એ જ જાય છે. હું તો વાસીદું કરી જાણું ને રોટલા ટીપી નાખું.”

મીઠી બાપુ પાસે ગઇ.

“ બાપુજી, બાપુજી, આ ઝાડને રંગ કોણ લગાડતું હશે? આ જાતજાતના ઘાસમાં રંગ કયાંથી આવતો હશે? એનો રંગનારો કોણ હશે ને કયાં હશે? એ એના રંગો શેમાં રાખતો હશે?”

બાપુજી કહે, “ મીઠી દીકરી, એની મને ખબર નથી. હું તો હળ હાંકી જાણું ને ઢોર ચારી જાણું. એની તો આપણા ભાભાને ય ખબર નથી ને એના ભાભાને ય ખબર નથી!”

મીઠી વિચારમાં પડી. તે કહે, “ આ રંગ તે કયાંથી આવતા હશે?”

એ તો પૂછવા ચાલી.

મીઠીએ તો ખેતરના બધા સાથીઓને પૂછયું; પણ

સાથીઓ તો બળદના ભાઇ હતા. એને તે શેનું ભાન હોય!

મીઠી તો પાડોશીને પૂછવા ગઇ. આડોશીપાડોશી કહે. "મીઠી, એવું ગાંડુગાંડુ શું પૂછે છે? રંગો તો હોયજને? આકાશનો રંગ ભૂરો હોય ને કાગડાનો રંગ કાળો હોય ને તેતરનો રંગ કાબરો. એમાં તે વળી પૂછવું'તું શું? અમને તો કોઇએ આવું પૂછ્યું ન હતું."

મીઠી નિરાશ થઇ.



ત્યાંથી મીઠી ગામ ભણી ચાલી. ગામના વાણિયાને મીઠી કહે, "માધા કાકા, માધા કાકા, આ પોપટને પોપટી રંગ કોણે આપ્યો હશે? ને તેની ચાંચમાં રાતો રંગ કયાંથી આવ્યો હશે?"

માધા કાકા કહે, "મને તો ઘી તોળતાં આવડે છે ને હું તો ખોટું સાચું નામું માંડી જાણું. એ, રંગબંગની મને ખબર ન પડે. આપણે ત્યાં પાંચા પટેલ છે એને પૂછ."

મીઠી તો પાંચા પટેલને ત્યાં જઇને કહે, "ભાભા, ભાભા, આ બધા રંગો કયાંથી આવતા હશે?"



ભાભો કહે, "આ પટલાઇ કરતાં ચાર વીશું વરસ થયાં; પણ આવું કોઇએ પૂછયું ન હતું. આ તો નવી નવાઇનો સવાલ! રંગો તો હોયજને? ગાજરનો રંગ કાળો ભાળ્યો, તો? ને મરચાંને કોઇએ જાંબુડાં દીઠાં'તાં? આ ચકલી એના એ રંગની હું સમજણો થયો ત્યારની ભાળું છું ને! આ કાગડો કોઇ દિવસ મે તો ધોળો થયો જોયો નથી. એ તો એમનેએમ ચાલ્યું આવે છે."

મીઠીના મનને કંઇ ગમ્યું નહિ. ત્યાંથી તે ભીમજી ગોરને ત્યાં ગઇ.

મીઠીને આવતી જોઇને ગોર કહે, "કેમ, કાંઇ મુરત-બુરત જોવરાવવું છે?"

મીઠી કહે, "બીજું તો કાંઇ મુરત નથી જોવાનું; પણ આ બધા રંગો કયાંથી આવતા હશે ને એ કયાં રહેતાં હશે? એ જો તમારા ટીપણામાં લખ્યું હોય તો જોઇને કહો."

ગોર મહારાજ કહે, "છોકરી, એવું તે શું પૂછયું? રંગ તો અનાદિ કાળના છે. સૂરજ સાથે જ એનો રંગ આવ્યો. કાળર સાથે જ એનો રંગ જનમ્યો. પીપર ઉગી ત્યારથી જ તે પીળી થઇ. આપણે આપણી નજરે બધું નથી ભાળતા? એમાં તે વળી ટીપણાં શાં જોવાં'તાં? આ મારો રામભટ્ટ કાશીએ જઇને મોટો પંડિત થઇ આવ્યો છે એના ભણતરમાં તો આવું કાંઇએ આવ્યું નથી. કેમ ભાઈ રામભટ્ટ, ભાગવતમાં કાંઈ રંગ કેમ થયા એની વાત આવી છે?"

"ના રે બાપા, ભાગવતમાં તે એવું કયાંથી હોય? ભાગવતમાં એવું બધું હોય તો એનો પાર કયાં આવે?"

મીઠી તો થાકીપાકી કરસન ભગતને ત્યાં ગઈ.

મીઠીને આવતી જોઇને ભગત કહે, "આવ બાપ મીઠી, તું કયાંથી? ભલો તારો બાપ ભગત છે તે તને ભજનો ગમતાં હશે. આવ, તને એક બે ભજનો સંભળાવું."

મીઠી કહે, "કાકા, આજે હું ભજન સાંભળવા નથી આવી. તમે ડાહ્યા છો ને ભગવાનના ભગત છો તે પૂછવા આવી છું કે આ ઝાડપાન પશુપંખી, ઢોરઢાંખર અને સૂરજ–

ચન્દ્રનો રંગ ક્યાંથી આવતો હશે? એવા રંગો ક્યાં થતા હશે?"

ભગત કહે, "બાપુ દીકરી, તું હજી નાની છે. એ તો મારો વા'લો લીલા કરે છે! એને ઘેર શેની ખોટ હોય? કરતા હરતા તો એ છે ને? એણે જ સૂરજ બનાવ્યો ને એને રંગ આપ્યો. એણે જ આકાશ કર્યું ને એમાં રંગો પૂર્યા. એણે જ મારા આ તંબુરાની મોરની પીંછીઓમાં જાત-જાતના રંગો નાખ્યા છે ને એણે જ આ બધા રંગની રમતો કરી છે. એના જેવું બીજું સમરથ કોણ છે? આ તો બધી મારા વા'લાની લીલા છે. આપણે માણસ એમાં શું સમજીએ?"



"પણ કાકા, ત્યારે તો મારે એને મળવું જોઇએ. એનાં રંગોનાં મોટાં મોટાં રંગાડાં જોવાં જોઇએ.

ત્યાંથી હું જાતજાતના રંગો લાવીશ અને પછી મારી મેળે પશુપક્ષીઓને ને ઝાડપાનને રંગીશ. કાગડાને પીળો બનાવીશ ને કાબરના પગ ને ચાંચ ગુલાબી બનાવીશ. બગલાની પાંખમાં જાંબલી રંગ છાંટીશ ને પોપટની ચાંચ લીલી કરીશ ને પાંખ રાતી કરીશ. પછી જોઇશ કે મારા રંગો સારા કે પરમેશ્વરના."

ભગત કહે, "ગાંડી થા મા. એવું કયાંય બને? આકાશ ભૂરું તે ભૂરું જ. કાગડો કાળો તે કાળો ને બગલું ધોળું તે ધોળું જ."

"એકવાર રંગ લઇ આવું પછી જોજો. જેમ પરમેશ્વર રંગ લગાડતો હશે એમ હું પણ લગાડીશ. એની પાસેથી રંગો લગાડવાનું પણ શીખી લાવીશ."

ભગત હસી પડયા. તે કહે, "ઠીક લે હવે એક બે ભજન સાંભળતી જા. તારા ગાંડપણનો તો પાર જ નહિ આવે."

મીઠી ઘેર આવી. તેનું મોઢું લેવાઇ ગયું હતું. ઘરમાં એને કંઇ જ ગમ્યું નહિ. બધાં કહે, "આજે મીઠીને શું થયું છે?"

વાળુ કરીને મીઠી બોલ્યાચાલ્યા વિના સૂતી; પણ કેમે કરીને ઉંઘ ન આવે. રાત આખી રંગના જ વિચારો. પથારીમાં પડી પડી મીઠી થાકી ગઇ ને ઉંઘ વિના એની આંખો લાલચોળ થઇ ગઇ. એક બે વાર તો મીઠીથી રોવાઇ ગયું. પણ અરધી રાતે એનાં આંસુ કોણ લુવે?

સવાર પડવા આવી ત્યારે માંડમાંડ મીઠીને એક ઝોકું આવ્યું પણ એ ઝોકું મીઠું સ્વપ્નું હતું.

એક પરી આવી ને કહે, "મીઠી, ચાલ, ચાલ, રંગના દેશમાં. ત્યાં રંગોનાં તળાવો ભર્યાં છે. ત્યાં રંગોના સૂર્યો છે. ત્યાં રંગોની હવા છે. ત્યાં રંગોના ઝાડ અને પાન છે. ત્યાં કપડાં પણ રંગોનાં છે ને વાસણ પણ રંગોનાં છે.

ઉંઘમાં મીઠી પરી સાથે ચાલી નીકળી. એને પોતાને ખભે બેસાડી પરી ઉડી. ઘડીકમાં રંગનો દેશ આવી પહોંચ્યો. મીઠી ગાંડી ગાંડી થઇ ગઇ. રંગ રંગ, રંગ ને રંગ! જાત જાતના રંગ, ઢગલે ઢગલા રંગ, મેઘધનુષના રંગ, આકાશના રંગ, ચુંદડીના રંગ, ઝાડ-પાનના રંગ, બધા ય રંગ!

પણ જ્યાં મીઠી રંગને અડવા જાય ત્યાં તો મીઠું મીઠું સ્વપ્નું ઉડી ગયું.

મીઠીનો ખાટલો સૂરજના કિરણોએ સોનેરી કર્યો હતો. મીઠીના સોનેરી વાળ સોનેરી તડકામાં સોનાના થયા હતા.

બેબાકળી મીઠી ઉઠી ને રંગને શોધવા લાગી; પણ ત્યાં તો એની આંખ સામે એનું એ જ ઘર, એનું એ જ પાણીયારૂં ને એનો એ જ ડામચીઓ!

પણ મીઠીએ મનમાં નક્કી કર્યું, બસ આજ ને આજે

જ રંગોની શોધમાં ઉપડવું.

મીઠી હળવેથી ઘર બહાર નીકળી. ઘરની બહાર જ ખેતરો હતાં. મીઠીએ ખેતરાઉ મારગ લીધો. પાછું વાળીને જોયા વિના એ તો ચાલી નીકળી.

પણ ચાલતાં ચાલતાં મીઠી થાકી. ખરા બપોર થયા હતા. એને ભૂખ પણ લાગી હતી. થાકીપાકી એની આંખમાંથી એકાદ બે ઉનાં આંસુ પડી ગયાં.

વનનાં પંખીઓ ભેગાં થયાં. તે કહે, "બ્હેન, તું એકલી એકલી કયાં ચાલી? આ ઘોર જંગલમાં તને કોઇ મારી નાખશે."

મીઠી કહે, "હું રંગોને ઘેર જાઉં છું. મારે રંગો જોઇએ છે."

પોપટ કહે, "અહીં તે કયાંથી આવી? આ તો વન છે. તારે રંગો જોઇતા હોય તો લે આ મારી પાંખનો પોપટી રંગ લઇ જા. લે, તારે જોઇતી હોય તો મારી આખી પાંખ કાપી નાખું."

કાબર કહે, "આ મારા પીંછામાં અને મારી ડોકમાં કેટલા બધા રંગો છે! તારે ગમે તે રંગ લઇ જાને. તારે રંગ જોઇતા હોય તો ભલે મારાં બધાં પીછાં ખેંચાઇ જાય અને ભલે મારી ડોક મરડાઇ જાય."

 ૧૪૧૩૩

મીઠી કહે, "બાપુ, મારે કોઈને દુઃખ દેવું નથી. મારે આવા રંગનું કામેય નથી. મારે તો તમારી પાંખ રંગનાર ને તમારી ચાંચ રંગનાર ને તમારી ડોક રંગનારને ઘેરથી રંગો લાવવા છે. પછી તો હું જ તમે કહેશો તેવા રંગો આપીશ."

"કોયલ બ્હેન, તમારે એ કાળા રંગને બદલે બીજો રંગ નથી જોઈતો? હું તમને ગુલાબી રંગી દઉં તો ગમે કે?"

પછી પંખીઓ થોડાંએક ફળો લાવ્યાં ને મીઠીએ મીઠાં કરીને ખાધાં. બધાંય પંખી મીઠીને આઘે સુધી વળાવા આવ્યાં.

મીઠી તો ક્યાંની ક્યાંઇ નીકળી ગઈ. ચાલતાં ચાલતાં વળી એક બીજું મોટું વન આવ્યું. એમાં મોટા મોટા સિંહો ને વાઘો. વરૂઓનો, ગેંડાઓનો, શિયાળનો ને હરણનો તો પાર જ નહિ.

મીઠીને એકલી આવતી જોઈને બધાં દોડતાં દોડતાં એની પાસે આવ્યાં.

સૌ કહે, "બાપુ, તમે આ ગીચ જંગલમાં ક્યાંથી? અહીં કોઇ દિવસ માણસ તો આવતું જ નથી."

મીઠી કહે, "જેને કંઇક જોઇએ છીએ તે ગમે ત્યાં [illegible]"

બધાં કહે, "શું જોઇએ છે? તમારે જોઇતું હોય તે આપીએ. આ અમારો વનરાજ, કહેશો તે લાવી આપશે. આ અમારો પક્ષીરાજ મોં માગ્યું આપશે."

મીઠી કહે, "હું રંગોના બાગમાં જાઉં છું. મારે તો રંગો જોઇએ છે."

સિંહ કહે, "બાપુ, રંગ જોઇતા હોય તો લેને આ મારી કેશવાળી. મારી કેશવાળીમાંથી કેટલો બધો બદામી રંગ નીકળશે!"

વાઘ કહે, "બાપ, પીળો રંગ જોઇતો હોય તો અમારી ચામડી જ ઉતારી આપું. એમાંથી ઢગલે ઢગલા રંગ નીકળશે."

ભેંસ કહે, "તારે કાળા રંગની તો ચિન્તા જ ન કરવી. આ મારી કાળી ચકચકતી ચામડીને ધોવા માંડજે એટલે રંગનાં કુંડાં ભરાશે."

મીઠી કહે, "ઘણું જીવો, મારાં ભાઇઓ અને બ્હેનો. તમારા રંગો અમર રહો ને તમારી આ ઉદારતા પણ અમર રહો. પણ મારે તો રંગો લેવા જવું છે. એનું મૂળ લેવા જવું છે. હું તો તમને નવા નવા રંગોથી રંગવાની છું.

ભલા ભાઈઓ, આ તમારા એકના એક જ રંગથી

થાકી નથી ગયાં? વરસોથી એવીને એવી પીંજરી કેશવાળી તે કોને ગમે? આ જાડું કાળું ચામડું તો તમને જ ગમ્યા કરે. મારી બ્હેન."

મીઠી સામી [illegible] લઈને ચાલી. જંગલ આવ્યું હતું. એમાં ચાલવાની જગા પણ નહોતી. મીઠી તો એમને એમ ચાલી. પગમાં કેટલા યે કાંટા વાગ્યા ને ઘાઘરી યે ફાટી ને ઝાડી જાળાંમાં ભરાઈ ભરાઈને ચીંથરાં થઈ ગઈ. પણ મીઠી તો રંગ લેવા જતી હતી. આંખમાંથી ટપક ટપક આંસુ પડતાં હતાં. પણ તે હસતી હસતી લુછી નાખતી હતી.

પગ લોહીલોહાણ થઈ ગએલા, માથાના વાળમાં ઝાંખરાં ભરાએલાં એટલે તે છૂટાં છૂટાં જટીઆં થઈ ગએલાં. ઘાઘરી પોલકામાંથી આખું શરીર દેખાતું હતું.

એક નાની સરખી ટેકરી આવી. ધીરે ધીરે મીઠી એના ઉપર ચડી. પણ તે એટલી બધી થાકી ગઈ હતી કે ચડતાં ચડતાં તો પડી જવા આવી ને ઉપર ચડી રહી ત્યાં તો ધબ દઈને પડી ને પડતાં વેંત જ ઉંઘી ગઈ.

આકાશમાં ચન્દ્રમા ઉગતો હતો. એના ઠંડાં અને દૂધ જેવાં ધોળાં કિરણો મીઠીની ઉંઘને મીઠી કરતાં હતાં. મીઠી ઉંઘમાં ને ઉંઘમાં લવતી હતી કે "હવે જરૂર જરૂર રંગ હાથ લાગશે. આ રંગ હાથ લાગ્યા. અહાહા! કેવા સરસ રંગો!

ચન્દ્રમાંથી એક પરી ઉતરી. તેણે ઉંઘતી મીઠીને પોતાની પાંખ ઉપર બેસાડી. પછી તે ઉડી ઉડી તે ઠેઠ સૂર્ય લોક સુધી.

સૂર્યલોકમાં રંગોનું પાતાળ, સૂર્યલોકમાં રંગોનાં સરોવરો, સૂર્યલોકમાં રંગોનું આકાશ. સૂરજ રંગનો, સૂર્યના કિરણો રંગનાં, સૂર્યના દેવો પણ રંગના. બધું રંગનું, રંગનું ને રંગનું!

પરીએ આસ્તેથી મીઠીને રંગની પથારી ઉપર સૂવાડી. એના ઉપર સોનેરી રંગની સુન્દર ચાદર ઓઢાડી. પછી મીઠી ખૂબ ઉંઘી. પછી એક પરી આવી અને કહે એની પાસે સુંદર રંગબેરંગી સંગીત કરો, એટલે તે હળવેથી ઉઠે.

રંગના ગાવાવાળા આવ્યા ને રંગનું ગીત ગાયું. રંગનો રાગ, રંગની ચીજ, ને રંગનો તાલ. ચારેકોર રંગ રંગ ઉડી રહ્યા. રંગની શ્રુતિઓ હવામાં રેલમછેલમ થઇ રહી.

ત્યાં તો મીઠી આળસ મરડીને ઉભી થઇ. કયાં પેલી ટેકરી! કયાં પેલું જંગલ! કયાં પેલાં ફાટલાં તૂટલાં કપડાં!

મીઠી પોતે જ રંગની બની ગઇ હતી. એનાં કપડાં રંગનાં બન્યાં હતાં. એના વાળ પણ રંગના. એક પરી આવીને કહે, "આવો મીઠી બ્હેન આવો, આ રંગનો દેશ છે. અહીં રંગનો રાજા છે, અહીં રંગનો પ્રધાન છે ને અહીં રંગની પ્રજા છે. આ તમારાં પક્ષીઓ ને પશુઓ, આ તમારાં

ઝાડ ને પાન, આ તમારાં પતંગીઆં અને કીડા સૌને અમે રંગબેરંગી બનાવીએ છીએ. અમે તેને રંગીને તમારા દેશમાં મોકલીએ છીએ."

મીઠીનો હરખ તો ક્યાંઇ માય નહિ. તે કશું બોલી શકી નહિ. તેની આંખો ફાટી રહી. તે સ્તબ્ધ બની ગઇ.

પરી કહે, "ચાલ, તારે જે રંગો જોઇએ તે લઇ લે. તારે જે જોઇએ છે તે અહીં છે."

મીઠીને કહે, "લે, હું તને એક રંગની નાની સરખી પેટી કરી આપું. એમાં થોડાક રંગ મૂકીશ; પણ એવા તો મૂકીશ કે એમાંથી બધાય રંગ નીકળે."

મીઠીએ રંગની પેટી હાથમાં લીધી. એના હરખનો તો પાર નહિ.

ત્યાં તો સિંહે ત્રાડ પાડી ને મીઠી જાગી ઉઠી. પેલી ટેકરી ઉપર મીઠી સૂતી હતી. એના હાથમાં રંગની પેટી હતી!



બાલ સાહિત્ય માળા

તાલીમ ક્રમ ([illegible])

કુમાર વીરસેન (બીજી આવૃત્તિ) [illegible]

ચાર બાલક વાર્તા [illegible]

બાલમિત્રની વાતો ભાગ પહેલો

લેખક : ત્રિભુવન વ્યાસ [illegible]

બાલકથાઓ ભાગ પહેલો

સિંદબાદ શેઠ [illegible]

[illegible] બાલસાહિત્યમાળા

૧. [illegible] (બીજી આવૃત્તિ)

૨. [illegible] ત્રિભુવન [illegible]

૩. વીરબાળાઓ ભાગ ૧ લો [illegible]

૪. [illegible]

૫. [illegible] ત્રિભુવન [illegible]

૬. [illegible]

મળો : (૧) [illegible]

[illegible]

(૨) [illegible]

વડોદરા